# ઈસ્લામ અને તલાક

મુફ્તી ફુઝેલુરહમાન ઉસ્માની
પંજાબ, ભારત

---

અનુવાદ : ગાઝી અહમદ હુસૈન
મો.મદની મેમો.હાઈસ્કૂલ જંબુસર

---

પ્રકાશક :
જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

---

વેબ રજૂઆત :
WWW.SUVAAS.BLOGSPOT.COM

# ●તલાક અને ઈસ્લામ

●સંપાદક : મવ.ફુઝૈલુર્રહમાન હિલાલ ઉસ્માની દા.બ.

●પ્રતઃ૧૦૦૦

●પ્રકાશકઃ

**મુફતી અહમદ દેવલ્વી**
કન્વીનર ઈસ્લાહે મુઆશરહ કમીટી
***મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, દક્ષિણ ગુજરાત.***
C/O જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર
મુ.પો. જંબુસર, જિ.ભરૂચ, ગુજરાત,
પીનઃ૩૯૨૧૫૦,
ફોન : ૨૨૦૭૮૬–૨૨૦૨૮૬
ફેકસઃ ૨૨૨૬૭૭
**www.jamiahjambusar.com**
***e mail: jamia@satyam.net.in***

| | | |
|---|---|---|
| | *પ્રકાશકીય* | |
| ૧. | અપૂર્ણવાર્તા | |
| ૨. | ઘણો નવાઈનો સંબંધ | |
| ૩. | ખુશ રહેવાની પ્રદ્ધતિ–અનુકુલન | |
| ૪. | ગરૂતાગ્રંથી નુકસાનકારક છે | |
| ૫. | મુસલમાને પોતાના રબથી એક વાયદો કર્યો છે | |
| ૬. | ઘરની વાત ઘરમાં જ રહે | |
| ૭. | જબ બાત બનાએ ન બને | |
| ૮. | ખ્રિસ્તી દ્રષ્ટિકોણ | |
| ૯. | ખ્રિસ્તી કાયદા, ફ્રાન્સ ક્રાંતિ પછી | |
| ૧૦. | અગ્રેજોની પરિસ્થિતિ | |
| ૧૧. | ફ્રાન્સના કાયદામાં ફેરફાર | |
| ૧૨. | કેટલાક પશ્ચિમી દશોની હાલત | |
| ૧૩. | તલાક ઈસ્લામમાં | |
| ૧૪. | નાગરિકતાની સારી તાલીમ | |
| ૧૫. | ઘરનો મામલો ઘરમાં નકકી થાય | |
| ૧૬. | તલાકનો સાચો અને શ્રેષ્ઠ તરીકો | |
| ૧૭. | તલાકનો બીજો તરીકો | |
| ૧૮. | શરીઅતની નજરે તલાકની અયોગ્ય રીત | |
| ૧૯. | ખુલા | |
| ૨૦. | સ્ત્રીને તલાકનો અધિકાર કેમ નહિ | |
| ૨૧. | તલાકના ત્રણ પ્રકાર | |
| ૨૨. | ત્રણ તલાક કયારેય ન આપશો | |

# પ્રકાશકીય

ઓલ ઈન્ડીયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, ભારતના મુસ્લિામોનું બહોળું પ્રતિનિધિત્વ કરતી રાષ્ટ્રીય સંસ્થા છે. જે મુસ્લિમોના ઉત્થાન તેમજ મુસલમાનોની ધાર્મિક – સામાજિક બાબતોમાં યોગ્ય માર્ગદર્શન અને રક્ષાનું મહત્વનું કાર્ય કરે છે.

માર્ચ ૨૦૦૩ના એના વાર્ષિક સંમેલનમાં નકકી કરવામાં આવ્યું કે મુસ્લિમોમાં 'ઈસ્લાહે મુઆશરહ'ની તાતી જરૂરતને અનુલક્ષીને આ વિષયે એક સર્વગ્રાહી ચળવળ ચલાવવામાં આવે, અને મુસ્લિમ સમાજને લગતી દરેક બાબતે સમાજને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે, એ માટેના પ્રયત્નો પણ સર્વસામાન્ય અને વિવિધ પ્રકારના હોય, જેમ કે તકરીર, બયાન, વઅઝ, જલ્સાઓ, પુસ્તિકાઓ, પરચાઓ વહેંચવામાં આવે, આવા કાર્યો કરતા માણસો અને સંસ્થાઓને પ્રોત્સાહન આપવામાં આવે, એ માટે 'પર્સનલ લો બોર્ડ'નું લેબલ હોવું પણ આવશ્યક નથી.

આ આધારે દેશભરમાં પર્સનલ લો બોર્ડના સભ્યો અને અન્ય સંસ્થાઓ દ્વારા ઈસ્લાહે મુઆશરહને લગતી વિવિધ પ્રવૃતિઓ, સેવાકાર્યો, અને સુધારણા અભિયાનો ચલાવવામાં આવે છે.

ભારતની જ બીજી એક રાષ્ટ્રીય સંસ્થા 'જમીઅતે ઉલમાએ હિંદ' દ્વારા પણ ઈસ્લાહે મુઆશરહના કાર્યો વરસોથી ચાલતા આવ્યા છે, અને જમીઅતથી સંકલિત હોવાથી આવા કાર્યોમાં મુજ નાચીઝની દિલચસ્પી વરસોથી છે.

પર્સનલ લો બોર્ડથી સંકલિત હોવાથી ગુજરાતમાં અને વિશેષ

કરી દક્ષિણ ગુજરાતમાં ઈસ્લાહે મુઆશરહની પ્રવૃતિઓને વેગ આપવાની ઝિમ્મેદારી મુજ નાચીઝ પર નાંખવામાં આવી. બીજી તરફ

આ જ હેતુ અને મકસદ આપણા 'જામિઅહ'નો પણ છે, અને આવી પ્રવૃતિઓ જામિઅહ દ્વારા પણ થતી જ રહે છે.

આ જ નેક હેતુથી જામિઅહ દ્વારા હવે આ બાબતે નાની પુસ્તિકાઓ પ્રકાશિત કરવાનો સિલસિલો શરૂ કરવામાં આવ્યો છે, અને હાલમાં ત્રણ પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવી રહી છે, (૧) રસ્તાના હકો. (૨) ઈસ્લામ અને તલાક (૩) ઈસ્લામ અને ઓરત.

મુસલમાન બિરાદરોથી ગુઝારિશ છે કે સમાજને ઈસ્લામી રીત રિવાજ મુજબ ચલાવવાનું મહત્વ સમજે અને ખોટા રિવાજો, માન્યતાઓ, બંધનોને તિલાંજલી આપી ઈસ્લામી માહોલ ઉભો કરે જેથી મુસલમાનો માટે ઈસ્લામને અનુસરવું સરળ થાય અને અન્યો સમક્ષ ઈસ્લામનું સાચું પ્રતિબિંબ રજૂ થાય અને ગલત ફહમીઓ દૂર થાય.

*વસ્સલામ*

*મુફ્તી અહમદ દેવલ્વી*

*જામિઅહ જંબુસર*

## *બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ*

### *અપૂર્ણવવાર્તા :*

કેટલાક વર્ષો પહેલાની વાત છે, પંજાબના શહેર સંગરુરની અદાલતમાં એક તલાકનામા સંબંધે મારે ગવાહી આપવાની હતી, કેસ રજૂ થયો ત્યારે જમવાનો વખત થયો હતો, જજ સાહેબ કેહવા લાગ્યા કે, ગવાહી તો હવે ભોજન બાદ લઈશું, તમે ભોજન અમારી સાથે કરી લ્યો, અને આ તકનો લાભ લઈને હું તમારાથી ઈસ્લામ વિષે કંઈક જાણકારી પ્રાપ્ત કરવા માંગુ છું, તેમણે કેટલાક પ્રૌઢ(સિનિયર) વકીલોને પણ જોડે લીધા, એક પ્રશ્ન તેમણે મને તલાકઅંગે કર્યો,

" ઈસ્લામનો તલાક વિશે દ્રષ્ટિકોણ શું છે ? "

મેં કહયું કે, સાહિર લંધયાનવીનુ નામ તમે સાંભળ્યું હશે, ઘણા પ્રસિધ્ધ શાયર છે, તેમનો એક શેર છે કે,

‘‘વહ અફસાના જિસે અંજામ તક લાના ન હો મુમકિન
ઉસે એક ખુબસૂરત મોડ દે કર છોડના અચ્છા''

બસ આનાથી તલાકને સમજી લો, જિંદગીની એક વાર્તા શરૂ થઈ, પરિણામ સુધી પહોંચી શકતી નથી, નિકાહ પોતાના ધ્યેયમાં અસફળ થઈ ગયો છે, મૈત્રીભાવ અન મહોબ્બત જે નિકાહનો પ્રાણ છે, નિકળી ગયા છે તો હવે એ મૃત નિકાહને ખેંચ્યા ફરવાથી શું ફાયદો ?

આવો સંબંધ મોટી ઉમંગો પછી સ્થાપાય છે, ઘણો પ્રેમ હોય છે, બંને દિલોમાં ઈચ્છાઓ આળસ મરડે છે, કેવા કેવા સપનાએ જોયા હોય છે, આવા સંબંધોનું તુટવું ઘણુ દુઃખ દાયક હોય છે, આ એક ઉપાધિથી કેટકેટટલી ઉપાધિઓ ઉભી થાય છે. બે પરિવાર વચ્ચે ગેરસમજ, તેનાથી થતા ઝગડાઓ અને બાળકોની સમસ્યાઓથી ઘર આબાદ થવાને બદલે બરબાદ થઈ જાય છે, પછી સમાજના પરસ્પર સંબંધો કેવી રીતે સુંદર બને શકે ?

### *મોટો નવાઈનો સંબંધ :*

નિકાહનો આ સંબંધ ઘણો જ અનોખો છે, ઘણો જ મજબૂત પણ છે, અને ઘણો કમજોર પણ છે, બે વ્યકિતઓ છે, સ્ત્રી અને પુરુષ. દરેકની પોત પોતાની વિશેષતાઓ છે, બંનેની પસંદ નાપસંદ દરેક મામલામાં એક હોય એ જરૂરી નથી, વિચારવા જેવો મુદ્દો સૌથી મહત્વનો એ છે જેની તરફ કુર્આન મજીદે ધ્યાન અપાવ્યું છે :

وعاشروهن بالمعروف ، فإن كرهتموهن شيئا فعس أن تكرهوا شيئا و يجعل الله فيه خيرا كثيرا (نساء ١٩)

*સ્ત્રીઓની સાથે સારો વર્તાવ કરીને જિંદગી ગુઝારો, જો તમને એમની કોઈ બાબત નાપસંદ પણ હોય તો (તમારા સારા વર્તાવમાં ફેરફાર ન આવે). શકય છે કે, તમે જે વસ્તુને નાપસંદ કરતા હોય, અલ્લાહ તઆલા તેમાં ખૂબ વધારે ખૈર અને બરકત મુકી દે,*

દરેક મનુષ્યમાં ચાહે તે પુરુષ હોય કે સ્ત્રી, કેટલીક બાબતો સારી પણ હોય છે. પસંદ પડે તેવી પણ હોય છે અને કેટલીક ખામીઓ પણ હોય છે, આ વાત શકય નથી કે, બધા જ માણસોમાં ખૂબીઓ જ ખૂબીઓ હોય, અને એ પણ નહી કે ખામીઓ જ ખામીઓ હોય. ખામીઓ અને ખૂબીઓ સાથે હશે, ધ્યાન ફકત ખૂબીઓ તરફ હોવું જોઈએ અને ખામીઓને નઝર અંદાજ કરવી જોઈએ.

આપ(સલ)એ ખુબ જ સરસ વાત કહી છે :

عن ابی هريرة قال قال رسول الله ﷺ لا يفرك مؤمن مؤمنة ان كره منها خلقا رضی منها اخر

*હઝરત અબુ હરૈરહ (રદી)થી રીવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે કે મોમિન મર્દ*

*પોતાની મોમિન પત્નિથી દુશ્મની નથી રાખી શકતો, જો તેની એક આદત ખરાબ લાગશે તો બીજી આદત તેને પસંદ પડશે.*

આ જ અસલ રીત છે જેનાથી લગ્નો સંબંધ કાયમ રહી શકે છે, અને ખુશી આપનારો પણ બની શકે છે .

## *ખુશ રહેવાની રીત :*

હકીકતમાં અનુકુલન એ જિંદગીનો પાયાનો અને સ્વાભાવિક નિયમ છે, જો તમે ગોઠવણ નથી કરી શકતા તો તમે કયારેક પણ ખુશ રહી શકતા નથી. કેટલાક વર્ષ પહેલા મેં બનાવટી દાંતોનો સેટ (ચોકઠું) બનાવડાવ્યું, દાંતના ડોકટર જે આ વાતમાં વધુ જાણકાર છે, બધી રીતે માપીને ખુબ જ સારૂ ચોકઠું બનાવ્યું,પરંતુ થોડા દિવસ મને ખુબ તકલીફ રહી, કાંઈ ખાઈ શકતો ન હતો, ન કાંઈ ચાવી શકતો હતો, છેલ્લે કેટલાક દિવસો પછી નવા દાંતોએ પેઢાઓને રાજી કરી દીધા અને પોતાનું સ્થાન નકકી કરી લીધું, હવે આ નકલી દાંત મારા શરીરનો એક ભાગ બની ગયો છે, હવે મારે તેની સાથે સારૂ બને છે.

એક બીજી બાબત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે ખાસ કરીને મોમીનની દ્રષ્ટિથી કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે–

وجعل بينكم مودّة ورحمه

*અલ્લાહે તમે બંનેના વચ્ચે ચાહત અને રહમત પેદા કરી દીધી.*

આ દિલોને જોડવું, એક બીજા માટે પ્રેમ પેદા કરવો, તેનું કામ છે જે દિલોને ફેરવનાર છે. મનુષ્યના દિલ તેની બે આંગળીઓ વચ્ચે રહે છે, જે બાજુ તે ચાહે છે દિલને ફેરવી દે છે.

મેં મારા પોતાના નજીકના જ લોકોમાં એવા જોડાઓ પણ જોયા છે કે પતિ ચેહરા, વ્યકિતત્વ અને કાબેલિયતમાં લાજવાબ અને પત્ની સાધારણ ચહેરાવાળી, પરંતુ બંનેમાં ખંબજ સારૂ બને છે. પતિની નજરમાં

એ સાધારણ ચહેરો પણ માનીતો છે.

મારા એક મિત્રે પોતાનો એક પ્રસંગ કહયો કે મારી શાદી થઈ, પત્ની ચહેરા અને સ્વભાવથી ખુબ સારી, ભણેલી–પઢેલી, સમજદાર અને દીનદાર. ચહેરાથી ખબર ન પડે, પરંતુ ઉમરમાં મારાથી મોટી હતી, તેના શરીરમાં એ કામણ ન હતું જે મને પોતાની તરફ આકર્ષિત કરી શકે, શાદીના થોડા દિવસો પછી હું સાઉદી અરબ ચાલ્યો ગયો, મેં ખનાએ કાબાનો પરદો પકડી અલ્લાહથી કરગરીને દુઆ કરી, રબ્બુલ આલમીન કાં તો તેની મુહબ્બત મારા દિલમાં નાખી દે, કાં તો મને તારા ઘરમાં રાખી લે કે અહિંયાથી હું માટીમાં સમાય જાઉં, અલ્લાહ તઆલાએ તેની મુહબ્બત મારા દિલમાં એવી નાખી કે ચાલીસ વર્ષ જિંદગીના ખુબ સારી રીતે પસાર થયા.

નિશંક અલ્લાહ જ દિલમાં મુહબ્બત અને પ્યારના ફુલો ખિલવે છે.

وجعل بينكم مودّة ورحمه

### *ગુરૂતાગ્રંથી નુકસાન કારક છે :*

પુરુષોનું મોટાપણું પણ કેટલીક વખત નાપસંદગીનું એક કારણ બની જાય છે, મોટાઈના બદલે મૈત્રીભાવ હોવો જોઈએ, કારણ કે આ સંબંધ પ્રેમનો છે, વધુ પડતા નરમ કે વધુ પડતા સખત બનવું, બંનેવ બાબતો ખોટી છે, એવા કડક અને ખૂંખાર બની રહેવું કે આવતા પહેલાં ઘરમાં ભયનો માહોલ છવાય જાય, તે યોગ્ય નથી.

'ગુરબા કુશતન રોઝે અવ્વલ' ફારસીનો એક રૂઢિ પ્રયોગ છે. એની પાછળ એક સરસ કિસ્સો છે. એક ભાઈની શાદી થવાની હતી, મિત્રોએ સલાહ આપી કે, પહેલા દિવસથી જ ઘરવાળી પર પોતાનો પ્રભાવ બેસાડી દેવો, નહિતર પુરી જિંદગી પત્નીના ગુલામ બની જીવશો, માટે તેને ફિકર થઈ કે ધાક કેવી રીતે બેસાડવી ?

નકકી થયું કે, સુવાના રૂમમાં એક બિલાડી છોડી મુકવામાં આવે, બહાદૂર પતિ રૂમમાં પ્રવેશ્યો, દુલ્હનાન રૂમમાં બિલાડી જોઈને ગુસ્સે થઈ ગયા, મ્યાનમાંથી તલવાર કાઢી બિલાડીના ટુકડે–ટુકડા કરી નાખ્યા, આ છે 'ગુરબા કુશતન રોજે અવ્વલ'. બિલાડીને મારીને પત્ની પર ધાક બેસાડવાનો નુસ્ખો અપનાવવો યોગ્ય નથી અને સ્ત્રીના ગુલામ બની જવું પણ યોગ્ય નથી, મામલો ગંભીર છે, ઘરવાળાઓ ઉપર પોતાના અખ્લાકની અસર રાખો અને તેઓ સાથે પ્યાર અને મુહબ્બતથી વર્તન રાખો જેથી તેઓ દિલથી તમારા ચાહવાવાળા બની જાય.

મારા શહેર માલેર કોટલાની જ વાત છે, અમારા નજીકના મહોલ્લામાં એક રિટાયર્ડ જમાદાર રહેતા હતા, તેમની પત્નીનું મૃત્યુ થઈ ગયું હતું, ઘણી મોટી ઉમરે તેમણે લગ્ન કર્યા, નજીકના ગામની જવાન સ્ત્રી હતી, ફોજદાર સાહેબે ફોજદારી બતાવવી શરૂ કરી, ખાટલાના નીચે પત્નીના હાથ રાખાવીને તેના ઉપર બેસી જતા હતા, જયારે વાત સહન શકિતથી આગળ વધી ગઈ, ત્યારે તે સ્ત્રી મારી પાસે આવી, ફોજદાર સાહેબના જુલ્મ–સીતમની વાતો સાંભળીને મારા દિલ પર તેની અસર થઈ, મેં પેલી સ્ત્રીથી કહયું કે તુ જરા હિંમત રાખજે, હું ફોજદાર સાહેબને તો ઠીક કરી દઈશ. મેં તેમને બોલાવ્યા, વાત એ જ હતી જે તેમની પત્નીએ મને કહી હતી, મેં તેમને વાતચીતથી સમજાવયા અને તેમની પાસેથી સોગંદનામું તૈયાર કરાવ્યું, જેમાં તેમની પાસે પ્રતિજ્ઞા લેવડાવી કે, તેઓ પત્ની પર કોઈ બળજબરી નહીં કરે, તેના હકકો શરીઅતની હદમાં રહીને અદા કરશે, જો તેમણે આમ ન કર્યુ તો પત્નીને અધિકાર છે કે, પોતાના ઉપર તલાકે બાઈન લઈ નિકાહથી આઝાદ થઈ જાય. તેમના એક સંબંધી સેસન જજ હતા, કહેવા લાગ્યા કે હું તેમની સલાહ લઈ લઉ, તેમણે સલાહ લીધી તો સેસન જજ જેઓ તેમના ભાણેજ હતા, હસવા

લાગ્યા.

મામા ! તમે ઠીક રહેશો તો કઈ નહી બગડે, તમે બગડી ગયા તો બધુ બગડી જશે, સોગંદનામું તૈયાર થઈ ગયું અને ફોજદાર સાહેબ સારી રીતે ચાલતા રહયા કયારેક આડા અવળા થતા તો, પત્ની તરત જ કાગળનો હવાલો આપીને ફોજદાર સાહેબને ઠંડા કરી દેતી, ઘડપણમાં ઘણા બિમાર પડી ગયા, પત્નીએ ખુબ જ સેવા કરી, હું ખબર–અંતર પુછવા ગયો, તો ઘણી દુઆઓ આપતા કહયું કે તમે મને સાચો રસ્તો બતાવ્યો, નહિતર આજે મારી સેવા કરનાર કોણ હોત ! આ પ્રસંગને અહિં લખવાનો હેતુ એ છે કે, પતિ તરફથી મોટાઈ અને વડવાઈનો એહસાસ કયારેક કયારેક આ સંબંધોમાં મોટી તિરાડ પેદા કરે છે, કુર્આન મજીદ ચોખ્ખે ચોખ્ખું એલાન કરે છે કે,

ولهنّ مثل الذی علیهن بالمعروف

(અલ–બકરહ ૨૨૮)

અને જે રીતે સ્ત્રીઓ ઉપર જવાબદારીઓ છે એવી જ રીતે રિવાજ પ્રમાણે તેમના હકકો પણ છે તેના પછી આ આયતનો ભાગ છે

وللرجال علیهن درجة

*જો કે પુરુષોને તેમના પર દરજો વધુ છે.*

આ એક દરજો જે પુરુષોને મળે છે તે તેમની જવાબદારીઓના કારણે છે, એટલે કે તેમની જવાબદારીઓ સ્ત્રીઓથી વધારે છે, જવાબદાર સ્ત્રી પણ છે, પરંતુ તેના કરતા પુરુષોની જવાબદારીઓ વધારે છે માટે પુરૂષનો એક દરજો વધારે છે.

## *મુસલમાને તેના રબથી એક વાયદો કર્યો છે :*

જે રીતે નિકાહ સ્ત્રી અને પુરુષ વચ્ચે એક મજબૂત કરાર–બંધન છે, અને આ પ્રતિજ્ઞાને કારણે બંને વચ્ચે જાઈઝ અને પવિત્ર સંબંધ કાયમ

થાય છે, એ જ રીતે મુસલમાને તેના પાલનહારથી તેના કેહવા પ્રમાણે ચાલવાની પ્રતિજ્ઞા લીધી છે, આ પ્રતિજ્ઞા અને વફાદારીનું નામ ઈસ્લામ છે, આ પ્રતિજ્ઞા પ્રમાણે પોતાના પાલનહારના હુકમોનું પાલન કરવાનો પાબંદ છે, અને તે તેના રબ તરફથી નકકી કરેલા કાનૂની અને અખ્લાકી તમામ હકકો અને જવાબદારીએને પુરી કરવાનો પાબંદ છે, અને એ બાબતે રબ સમક્ષ જવાબદાર પણ છે.

એક મુસલમાન મર્દ અને ઓરત સામે હંમેશા આ વાત રહેવી જોઈએ કે, તેને એક દિવસ અલ્લાહ સમક્ષ હાજર થઈને પોતાના આમાલાનો હિસાબ આપવો પડશે, અલ્લાહ તઆલા બધુ જાણનાર અને ખબર રાખનાર છે અને આપણી ખાનગી અને જાહેર બધી જ વાતો ખૂબ જ જાણે છે, હોઈ શકે છે કે, દુનિયામાં આપણે કાયદાની પકડમાંથી બચી જઈએ, પરંતુ આખિરતની પકડથી કેવી રીતે બચી શકીશું ?

### *ઘરની વાત ઘરમાં જ રહે :*

મર્દ અને ઓરતની સમસ્યા ઘરેલુ સમસ્યા છે, તેમના એકાંતથી ફરિશ્તાઓ પણ દૂર રહે છે, વિચારવા જેવી વાત તો એ છે કે, ઘરની વાત ઘરમાં જ રહેવી જોઈએ, બહાર ન નિકળે, અને કાયદાના દાવ–પેચમાં ન ફસાય, માટે રહેણી કરણીને સારી બનાવવા માટે સલાહ એ છે કે, જો ભુલ સ્ત્રીની હોય તો પુરુષ તેને સમજાવે, સમજાવવાથી વાત ન બને તો, ઓરતને તેના રૂમમાં એકલી છોડી મુકે, જો તેમ પણ વાત ન બને તો, હલકા દબાણની પણ શકયતા છે, એટલે કે હલકી માર જે નાજૂક ભાગો પર ન હોય, જેનાથી નિશાન ન પડે–ફકત સમજાવવા ખાતર.. તે છતાં કામ ન ચાલે તો સ્ત્રી પક્ષ તરફથી કોઈ પક્ષકાર નકકી કરીને સમજદાર લોકોની સામે સમસ્યા મુકવામાં આવે, જો કામ પૂરૂ થવાનું હશે તો આટલા પ્રયાસો બાદ કામ થઈ જશે, સંબંધો સારા થઈ જશે.

અને આમ છતાં કામ ન થાય ત્યારે શું કરવું ? ? ?

બને બાત  જબ બાત બનાએ ન બને
કયાં યુહી  મુઅલ્લક છોડ દીયા જાએ
મામલા બીચમે લટકા રહે
ન ઈધર હો ન ઉધર.

આપણા ખ્રિસ્તી ભાઈઓએ શરીઅત (ધાર્મિક કાયદાઓ)ને જ બદલી નાખી.

હઝ. ઈસા(અલૈ.)ના આદેશનો અર્થ તેઓ બરાબર ન હોતા સમજયા, હઝરત ઈસા(અલૈ.)એ કહયું હતું કે ''જેમને ખુદાએ જોડયા છે તેમને માણસો જુદા ન કરી શકે.'' *(મતા .૬/૧૯)*

'સેંટ પોલે' હઝ.ઈસા(અલૈ.)ના આ આદેશનો મતલબ એ સમજયો કે એક વખત નિકાહ થયા પછી કયારેય અલગ થઈ શકાતું નથી, કારણ કે તેમનો સંબંધ અલ્લાહે જોડયો છે, અને માણસને તેને તોડવાનો કોઈ અધિકાર નથી. 'સેંટ પોલ'' સામે મુશ્કેલી ત્યારે ઉભી થઈ જયારે હઝ. ઈસા(અલૈ.)નો બીજો ઈર્શાદ તેમની સામે આવ્યો કે,

''જે કોઈ પોતાની પત્નીને હરામકારી સીવાય બીજા અન્ય કારણોથી છોડી દે અને બીજા લગ્ન કરે તો તે (ઝીના) વ્યાભિચાર કરે છે,''(મતા.૯–૧૯)

આ બીજો આદેશ પહેલા આદેશથી વિપરીત છે કારણ કે તેમાં હરામકારીને લીધે પત્નીને છોડવાની મંજૂરી આપવામાં આવે છે.

### *ખ્રિસ્તી દ્રષ્ટિકોણ :*

આ વિશે બે વાતો કેહવામાં આવી છે, એક તો આ કે હરામકારીના કારણે તલાક આપવાની મંજૂરી એ પાછળથી કરવામાં આવેલ વધારો છે. અને અસલ હુકમ એ છે કે મૃત્યુ સિવાય પતિ–પત્ની વચ્ચે જુદાઈની

કોઈ શકયતા નથી.

બીજી વિગત એ કહી છે કે, હરામકારી ને લીધે પતિ પત્ની વચ્ચે જુદાઈ તો થઈ જશે, પરંતુ નિકાહ રિવાજ મુજબ હમેંશા રહેશે, અને બંનેમાંથી કોઈને પણ બીજા નિકાહ કરવાની રજા (મંજૂરી) નહી મળે. સદીઓ સુધી ઈસાઈઓ આ હુકમનું પાલન કરતા રહયા, અને પરિણામ એ આવ્યુ કે, મનુષ્યની બુદ્ધિએ ઘડેલા આ અકુદરતી કાયદાને લીધે ઈસાઈ જગતમાં ગેર વર્તુણૂકો ફેલાતી ગઈ. આ આદેશનું પાલન કરવાને બદલે અને આવા અયોગ્ય કાયદાઓથી બચવા માટે ખ્રિસ્તી ધર્મ ગુરૂઓએ જુદા જુદા પ્રકારની છટકબારીએ શોધી રાખી હતી.

એક છટકબારી એ હતી કે, કોઈ પણ રીતે એ સાબિત કરવામાં આવે કે સ્ત્રી અને પુરુષે સાથે રહેવાની જે પ્રતિજ્ઞા (નિકાહ) કરી હતી એ તેમનાથી ભૂલથી થઈ ગઈ હતી. આ બાબતે અદાલત નિકાહ રદ હોવાનો ફૈંસલો (નિર્ણય) કરી દેશે. હવે નિકાહ રદ હોવાનો અર્થ એ હતો કે પહેલાથી કોઈ નિકાહ થયા જ નથી, અત્યાર સુધી તેમના વચ્ચે નાજાઈઝ સંબંધો હતા, અને તેમનાથી જે સંતાનો થયા તે નાજાઈઝ સંતાનો હતા.

રોમન ચર્ચના ધાર્મિક કાયદાઓમાં જુદાઈ માટે છ કારણે યોગ્ય ગણવામાં આવ્યા હતા .

*(૧) વ્યાભિચાર અથવા પ્રકૃતિ વિરૂધ્ધનું અન્ય કોઈ કર્મ*

*(૨)નામર્દી*

*(૩) જુલ્મી વર્તણૂંક*

*(૪)વિધર્મી હોવુ.*

*(૫)ધર્મ પરિવર્તન.*

*(૬)પતિ –પત્ની વચ્ચે લોહીના સંબંધો પુરવાર થવા..*

ઉપરોકત વિગતોમાં કાયદાકીય પદ્ધતિ એ નકકી કરવામાં આવી કે પતિ

–પત્ની એક બીજાથી અલગ થઈ જાય અને હમેશા એકલતાથી જિંદગી પસાર કરે. આ કાયદાકીય નિર્ણયનો અર્થ એ નથી કે, નિકાહનો સંબંધ પૂરી રીતે ખતમ (છુટાછેડા) થઈ ગયો, માટે જ તેના પછી સ્ત્રીકે પુરુષમાં થી કોઈ બીજા નિકાહ નથી કરી શકતા.

રોમન ચર્ચથી વિપરીત કલીસા(બીજા પથના ચર્ચ) દ્વારા એનાથી શ્રેષ્ઠ અને અમલ પાત્ર કાયદો બનાવવામાં આવ્યો, જે પ્રમાણે પતિ –પત્નીને નીચેના કારણોસર નિકાહથી આઝાદ કરી શકાય છે.

*(૧)વ્યાભિચાર અને એને લગતી બાબતો.*

*(૨)ધર્મ પરિવર્તન.*

*(૩)પતિનું તેની જંદગીને ધર્મને સોંપી દે, (સંસાર ત્યાગ કરે.)*

*(૪)બળવો.*

*(૫)આણાપાલન ન કરવુ.*

*(૬)નામર્દી.*

*(૭)પાગલપણું.*

*(૮)કોઢ અને રકતપિત્ત.*

*(૯)લાંબા સમયની કેદ.*

*(૧૦)પરસ્પરનો તિરસ્કાર અને વિરોધી સ્વભાવ.*

યાદ રહે કે કલીસા પંથ ઈસ્લામી શાસ્ત્રથી વધારે પ્રભાવિત જોવા મળે છે, પરંતુ પશ્ચિમના દેશોના ધાર્મિક આગેવાનો પૂર્વના ચર્ચોના આ કાયદાને નથી માનતા.

*નોટ : યુરોપ : પશ્ચિમમાં પ્રચલિત ઈસાઈઓના ધાર્મિક સ્થળોને રોમન ચર્ચ અને પૂર્વ : મિસર, ઈરાક, લેબનોન વગેરે વિસ્તારોમાં પ્રચલિત ઈસાઈઓના અન્ય પથના ધાર્મિક સ્થળોને કલીસા કહેવામાં આવે છે.*

### *ખ્રિસ્તી કાયદાઓ, ફ્રાંસ ક્રાંતિ પછી :*

ફ્રાન્સ ક્રાંતિથી પહેલાં યુરોપના મોટા ભાગના દેશોમાં રોમન ચર્ચના ધાર્મિક કાયદાઓ ચાલતા હતા, ક્રાંતિના સમયમાં વાણી – વિચાર સ્વતંત્રતાની હવા ચાલી તો સૌથી પહેલા ફ્રાન્સે આ ધાર્મિક કાયદાઓની ખામીઓને જોઈને મૂળમાંથી જ આ ધાર્મિક કાયદાઓ માનવાની જવાબદારી માથેથી ઉતારી નાખી. પરંતુ આઝાદીની આ હવા બીજા દેશો સુધી પહોંચી અને ધીમે ધીમે ઈંગ્લેન્ડ, જર્મની, ઓસ્ટ્રેલીયા, બેલ્જિયમ, હોલન્ડ, સ્વીડન, ડેનમાર્ક, સ્વીટઝરલેન્ડ વગેરે દેશોએ પણ આ ધાર્મિક કાયદાઓ છોડી પોત પોતાના અલગ વિચારોવાળા કાયદાઓ નિકાહ અને તલાક માટે નકકી કર્યા.

ધાર્મિક કાયદાઓથી આઝાદ થયા પછી પશ્ચિમી દેશોએ જે વિવાહ કાયદાઓ (મેરેજ લો) ઘડયા છે, તેમના ઘડવામાં જો કે સેંકડો – હજારો દિમાગોએ એમની શ્રેષ્ઠ આવડતો સાથે ભાગ લીધો છે. અને અનુભવોના પ્રકાશમાં બરાબર સુધારણા પણ કરતા રહયા છે, પરંતુ આ બધા પ્રયત્નો છતાં પણ તેમના કાયદાઓમાં હજુ પણ એવી સમાનતા અને સમન્વય નથી જોવા નથી મળતું, જે અરબસ્તાનના એક  અભણ દ્વારા રજૂ કરવામાં આવેલ કાયદાઓમાં જોવા મળેલ છે.

### *ઈંગ્લેન્ડની હાલત :*

દાખલા તરીકે ઈંગ્લેન્ડમાં ઈ.સ.૧૮૫૭ પહેલા વ્યાભિચાર અને અત્યાચારના લીધે પતિ પત્નીને છૂટા કરવામાં આવતા હતા, પરંતુ એને તલાક કરવામાં આવતી ન હતી, કે પછી પતિ પત્નીમાંથી કોઈ બીજા નિકાહ કરી શકે, પછી૧૮૫૭માં વ્યાભિચાર અને અત્યાચારી વર્તન ઉપરાંત વિવાહિત જીવનમાં આવેલ અંતરાયને પણ છુટાછેડાનું કારણ ગણવામાં આવ્યું, એ શરતે કે, પતિ પત્ની બે વરસ કે વધુ સમયથી જુદા

થઈ ગયા હોય, આ ઈસ્લામમાં ''ઈલા'' તરીકે ઓળખાતા કાનૂનની નકલ છે, ઈ.સ. ૧૮૫૭ના કાયદામાં જ એક બદલાવ–પરિવર્તન એ કર્યુ કે, વિભાજન સાથે તલાકને પણ યોગ્ય કરવામાં આવી, પરંતુ તલાક માટે શરત એ મુકવામાં આવી કે, સ્ત્રી અને પુરુષ અદાલત સમક્ષ રજૂઆત કરે, પોતે જ તેનો ફેસલો નથી કરી શકતા, અને અદાલત માટે તલાક આપવાનું એક કારણ રાખવામાં આવ્યુ કે, બંને માંથી જે તલાક લેવા માંગતો હોય, તે બીજા પાત્રની ઝીનાકારી સાબિત કરે, આ કાયદામાં પતિને એ હકક પણ આપવામાં આવ્યો કે, જો તે ઈચ્છે તો પોતાની પત્નીના નાજાઈઝ દોસ્તથી પોતાની પત્નીની બેઈજજતીનો દંડ પણ વસૂલ કરી શકે છે.

પછી ઈ.સ.૧૮૮૬માં કાયદો બનાવ્વામાં આવ્યો જેમાં અદાલતને અધિકાર આપવામાં આવ્યો કે જો તે ઈચ્છે તો, નિકાહ તોડવાની સાથે સાથે દોષિત પતિથી પત્નીને ભરણપોષણનો ખર્ચ અપાવી શકે છે, ઈ.સ.૧૯૦૭ના કાયદામાં પતિના દોષી હોવાની શર્ત કાઢી મુકવામાં આવી, અને અદાલતને એ અધિકાર આપવામાં આવ્યો કે જયાં યોગ્ય સમજે ત્યાં જે–તે સ્ત્રીના ખર્ચની જવાબદારી પુરુષ પર નાંખી દે, ભારતીય કાયદાની કલમ –૧૨૫ તેની જ નકલ છે.

ઈંગ્લેન્ના શ્રેષ્ઠ દિમાગોની પચાસ વરસોની સતત મહેનત પછી ૧૯મી સદીના અંતમાં ઈ.સ.૧૮૯૫માં એક કાયદો બનાવવામાં આવ્યો કે જો કોઈ સ્ત્રી તેના પતિના અત્યાચારના કારણે ઘર છોડીને ચાલી જાય, તો અદાલત પતિને તેની પાસે જવાથી અટકાવશે, બાળકોને પત્ની પાસે રાખવાનો હુકમ આપશે અને આ હાલતમાં સ્ત્રી વ્યાભિચાર આચરે તો તેના વિરૂધ્ધ પતિનો તલાકનો દાવો સાંભળવા પાત્ર રહેશે નહીં.

ઈ.સ. ૧૯૧૦માં તલાક અને કોટુંબિક સમસ્યાઓ બાબત વિચાર કરવામાં માટે એક સરકારી કમીશન નકકી કરવામાં આવ્યું હતું, જેણે

ત્રણ વર્ષની મહેનત પછી ઈ.સ.૧૯૧૨નાં અંતમાં રિપોર્ટ રજૂ કર્યો, આ રિપોર્ટમાં કેટલીક વિનંતીઓના સાથે એક વિનંતી એ હતી કે, (જે ઈ.સ.૧૯૨૩ના કાયદા 'MAISINOIEL CASSIES ACT' માં સામેલ છે.) *"તલાકના કારણો અને મુદ્દાઓમાં પુરુષ અને સ્ત્રી બંનેને સમાન ગણવામાં આવશે, દા.ત. પતિ એક વખત પણ ઝિનાથી જોડાયેલ હોય તો સ્ત્રી તેનાથી તલાક લઈ શકે."*

ઈંગ્લેન્ડના શ્રેષ્ઠ દિમાગો સ્ત્રી અને પુરુષનો સ્વાભાવિક ભેદ પણ સમજી ન શકયા, પરિણામે આ કાયદાને કારણે સ્ત્રીઓ તરફથી પતિઓ વિરૂધ્ધ તલાકના કેસોનો ભરાવો થઈ ગયો, ત્યાં સુધી કે અદાલતો હેરાન થઈ ગઈ, અને ઈ.સ. ૧૯૨૮માં 'લોર્ડ મેરી વેલે'તેના ઉપર પ્રતિબંધ મુકવો પડયો.

આયર્લેન્ડ અને ઈટાલીના કાયદાઓ પર રોમન ચર્ચની અસર છે, અને ત્યાં નિકાહનો સંબંધ હજુ સુધી તોડવા પાત્ર ગણાતો નથી, કેટલાક પ્રસંગોમાં કાયદાકીય જુદાઈ થઈ જાય છે, પરંતુ કાયદાકીય જુદાઈ પછી પતિ પત્ની ન તો મળી શકે છે ન તો આઝાદ થઈને બીજા નિકાહ કરી શકે છે, કેવી કેદ અને કેવી મુકિત ?

### *ફ્રાંસ ના કાયદાઓમાં ફેરફાર :*

ફ્રાન્સમાં લગ્નના કાયદાઓ બહુ ઉતાર –ચઢાવમાંથી પસાર થયા છે, ક્રાંતિ પછી તલાકને એકદમ હળવી કરી દેવામાં આવી, 'નેપોલિયન'ના કાયદામાં તલાક બાબતે કેટલાક પ્રતિબંધો નાંખવામાં આવ્યા હતા, ઈ.સ.૧૮૮૬માં તલાકથી બીલકુલ મનાઈ કરી દીધી હતી, ઈ.સ.૧૮૮૪માં તલાકને ફરીથી યોગ્ય ઠેરવવામાં આવી, તે પછી ઈ.સ.૧૮૮૬, ૧૯૦૭ અને ૧૯૨૪માં તલાક માટે જુદા–જુદા કાયદાઓ ઘડયા, જેમાં તલાકનું પ્રમાણપત્ર મેળવવા માટે..

પતિ પત્નીમાંથી કોઈનો ઝિનાનો સંબંધ,

પતિ પત્નીમાંથી કોઈનું એવું કામ જેનાથી તેની સાથે રહેનારની ઈજ્જત પર કોઈ ખરાબ અસર થાય,

પતિ પત્નીમાંથી એકનો બીજાના હકકો અદા કરવાનો ઈન્કાર.

દારૂ પીવાની આદત,

અને અદાલતે કરેલી નામોશીભરી સજા....

તલાક માટેના કારણો ગણાવ્યા હતા. આ કાયદામાં ઈસ્લામી ઈદદતના કાયદાની સામાન્ય નકલ કરતા તલાક પછી ત્રણસો દિવસની ઈદદત નકકી કરવામાં આવી, ઈસ્લામમાં ઈદદતનો હેતુ ગર્ભની સફાઈ છે, કે પતિથી અલગ થયા પછી એ ચોકકસ કરવામાં આવે કે, સ્ત્રી સગર્ભા તો નથી ને, માટે જ ઈસ્લામમાં સ્વાભાવિક મુદ્દત ત્રણ માસિક (હેઝ) ની નકકી કરવામાં આવી છે, જોકે સગર્ભાની (ઈદ્દત)નું કારણ ગર્ભ છે, આ સ્વાભાવિક બાબતના વિરૂધ્ધ ત્રણસો દિવસ કે દસ મહીનાની ઈદ્દતના માટે સ્વાભાવિક કારણ શું છે?

### *કેટલાક પશ્ચિમી દેશોની દશા :*

ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, સ્વીઝર્લેન્ડ અને નોર્વેમાં સ્ત્રી અને પુરુષ ફકત પરસ્પર સ્વેચ્છાથી તલાકનું પ્રમાણ પત્ર મેળવી શકે છે, આ પણ ઈસ્લામના કાયદા 'ખુલા'ની એક અધુરી નકલ છે. જર્મનીમાં પતિ પત્ની ફકત એક વર્ષ સુધી એકબીજાથી અસંબંધીત(છૂટા)રહે તો તલાક થઈ શકે છે, આમાં ઈસ્લામના કાયદા ‘ઈલા’નો એક આછો પડછાયો છે.

સ્વીડનમાં પતિના ગુમ થવા પર રાહ જોવાની મુદ્દત છ વર્ષ છે, અને હોલેન્ડમાં દસ વર્ષ છે, બીજા દેશોએ આ બાબતે કોઈ કાયદા નથી ઘડયા. પાગલપણાની બાબતમાં જર્મની, સ્વીડન અને સ્વીઝરલેન્ડમાં ત્રણ વર્ષની મુદ્દત છે, અન્ય દેશોમાં આ બાબતે કોઈ કાયદો નથી.

બેલ્જિયમમાં તલાક પછી ઈદ્દતના દસ મહિના છે, ફ્રાન્સમાં ત્રણસો દિવસ, અન્ય દેશોમાં ઈદ્દતનો કોઈ કાયદો નથી, ઓસ્ટ્રેલિયાનો કાયદો એ છે કે, જો પુરુષ કે સ્ત્રીમાંથી કોઈને પાંચ વર્ષની જેલની સજા થાય તો તલાકનો દાવો કરી શકાય છે. બેલ્જિયમમાં ફકત સજાપાત્ર હોવું તલાકના દાવા માટે પૂરતું છે, સ્વીડન અને હોલેન્ડમાં છૂટાછેડા માટે આજીવન કેદની શર્ત છે. યુરોપના દેશોમાં તલાકના કાયદાઓ એક બીજાથી ખાસા વિરૂધ્ધ છે, પરંતુ અધૂરા અને અયોગ્ય હોવા બાબત સમાન છે, હકીકત એ છે કે, તેમાં કોઈને પણ એક મજબૂત અને સારો કાયદો બનાવવામાં સફળતા મળી શકી નથી.

એનાથી વિપરીત ઈસ્લામી કાયદાને જે વ્યકિત ન્યાયની દ્રષ્ટિથી જોશે તો તેને માનવું પડશે કે,

ન્યાય દ્રષ્ટિ, માનવ સ્વભાવમાં અલગતાપણું,સદવર્તનની જાળવણી, સમાજ સુધારણાની તકેદારી, અને સ્ત્રી પુરુષના જીવનની બધી સમસ્યાઓ અને મામલાઓમાં ઈસ્લામી કાયદો શ્રેષ્ઠ દરજા સુધી પહોંચેલો છે, આ સ્પષ્ટ ભેદ હોવા છતાં જો મનુષ્ય પોતાની જિંદગીના મામલાઓમાં ઈલાહી માર્ગદર્શનની જરૂરતને રદ કરે તો તેને પછી શું કહેવાય ?

નિકાહ દ્વારા એક મર્દ અને ઓરતની વચ્ચે પતિ પત્ની તરીકેના સુંદર સંબંધો સ્થાપાય શકે છે, ઈસ્લામમાં તેને તોડવાના ત્રણ તરીકાઓ છે.

*(૧)તલાક.*

*(૨)ખુલા.*

*(૩)ઈસ્લામી અદાલતનો ફેસલો.*

***તલાક ઇસ્લામમાં :***

ઈસ્લામી શરીઅતમાં તલાકનો અર્થ છુટા થવાનો છે, જેનાથી પુરુષ નિકાહના સંબંધને તોડીને પતિ તરીકેના હકકોથી છુટો થઈ જાય છે.

નિઃશક નિકાહ દ્વારા સ્ત્રી અને પુરુષ વચ્ચેનું બંધન અને તેમનું પતિ પત્ની બનીને રહેવુ, એક મોટી નેઅમત છે, તલાક દ્વારા આ સંબંધ તૂટી જાય છે, અને સંબંધનું તુટવું તકલીફ આપનાર છે, અને નિકાહની નેઅમત ખતમ થય જાય છે, માટે જાહેરી લાભની દ્રષ્ટિથી તલાક યોગ્ય બાબત નથી, પરંતુ જો નિકાહનો સંબંધ તેનો હેતુ ખોઈ બેઠો હોય ,પતિ પત્નીમાં આત્મીયતા ન રહી હોય, અને બધા જ પ્રયત્નો છતાં હવે આ સંબંધ ટકી રહેવો મુશ્કેલ થઈ થયો હોય, અને ભય હોય કે બીજી ઘણી ખરાબીઓ પેદા થશે, અલ્લાહના આદેશો તુટશે, તો પછી આ સંબંધનું તુટી જવું જ યોગ્ય છે.

એટલા માટે શરીઅતે ઈસ્લામીએ જયાં નિકાહને ખૂબ જ સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે, અને તેને સાદાઈથી કરવા પર ભાર આપ્યો છે, જેથી તે પતિ પત્ની માટે મુશ્કેલીનું કારણ ન બને, તે જ પ્રમાણે તલાકને પણ સમસ્યાઓનો ઉપાય ગણાવ્યો છે, એટલા માટે આવા પ્રસંગે સંબંધ બાકી રહેવાની કોઈ શકયતા ન રહે તો તલાક એ સમસ્યા નથી, બલ્કે સમસ્યા સમસ્યાનો ઉપાય છે, તેથી શરીઅતે તલાક બાબત એવા કાયદાકીય પ્રતિબંધો પસંદ નથી કર્યા કે જેમાં પતિ પત્ની સાથે જ રહેવા મજબૂર હોય, અને સાથે જ તેમના માટે આવી જિંદગી મુશ્કેલ બની રહે.

***શ્રેષ્ઠ સમાજની તાલીમ :***

શ્રેષ્ઠ વિવાહિત જીવન માટે ઈસ્લામી શરીઅતે ઘણાં ઉપાયો બતાવયા છે દા.ત.

*(૧)સ્ત્રી દોષી છે, તો તેને સમજાવવાનો પ્રયતન કરવામાં આવે.*

*(૨)ઉંઘવાના રૂમમાં(બેડરૂમ)માં તેને એકલી છોડી મુકવામાં આવે.*

*(૩)ચેતવણી પૂરતી તેને હલકી રીતે મારી શકાય છે.*

*(૪)બંને પક્ષ તરફથી એક જવાબદાર વ્યકિતને લઈને પરસ્પર સંબંધો સુધારવા અને શંકા–કુશંકાઓને દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે.*

સુંદર વિવાહિત જીવન માટે આ ત્રણ ઉપાયો સિવાય જો અન્ય ઉપાય ન દેખાય તો તેનો છેલ્લો ઉપાય આના સિવાય કોઈ નથી રહેતો કે 'ચલો એક બાર ફીર સે અજનબી બન જાય હમ દોનો'

## ***ઘરનો મામલો ઘરમાં નક્કી થાય :***

શરીઅતના કાયદાઓનો અભ્યાસ કરતાં જાણવા મળે છે કે ઈસ્લામી શરીઅત એ વાતને પસંદ નથી કરતી કે તલાકનો મામલો અદાલતમાં જાય, બલ્કે સાથે રહેવું કે અલગ થવાનો નિર્ણય ઘરમાંને ઘરમાં જ થઈ જાય, એ વધુ સારું છે, જેથી ઘરની વાત બહાર ન નિકળે, તેનું કારણ એ છે કે જો મામલો અદાલતમાં  જશે તો બંને પક્ષકારો એક બીજા પર આરોપ–પ્રત્યારોપ નાંખશે, એક બીજાની ખામીઓ અને ત્રુટિઓ ગણાવશે, એક બીજાના ચરિત્ર પર છાંટા ઉડાડશે, ઢંકાયેલી ખામીઓ બહાર આવશે અને પાછળથી તેમની બીજી શાદીઓ મુશ્કેલ થઈ જશે, બની શકે છે કે એક પુરુષની દ્રષ્ટિથી એક સ્ત્રી સારી ન હોય, એ જ રીતે એક સ્ત્રીની નજરમાં એક પુરુષ સારો ન હોય. પણ નવા પુરુષ કે સ્ત્રી માટે આમ ન હોય.

શરીઅત નથી ઈચ્છતી કે કોઈ પાત્રનું ચારિત્ર ખરાબ દર્શાવી તેના ભવિષ્યને અંધકારમય બનાવી દેવામાં આવે, એટલા માટે તે સ્ત્રી પુરુષ પર છોડયું છે કે તે પોત પોતાના વર્તનની તપાસ કરે અને પોતાના કાર્યો

ઉપર વિચાર કરે, બની શકે ત્યાં સુધી આ સંબંધને સાચવવાનો પ્રયત્ન કરે. જો જોડાણ શકય ન હોય તો યોગ્ય પ્રધ્ધતિથી અલગ થઈ જાય, અને આ સુરતમાં પણ કુર્આન મજીદે 'મતાઅન બિલ મઅરૂફ'નો આદેશ મર્દને આપ્યો છે, એટલે કે તલાકની બાબતે પુરુષ મહેર અને ઈદ્દતના આવશ્યક ખર્ચ ઉપરાંત ભેટ સ્વરૂપે કંઈક સ્ત્રીને આપે જેથી તલાક અને જુદા થવા પર ઝઘડા કે કડવાશ ન થાય.

સાચી વાત એ છે કે શરીઅતની દૃષ્ટિએ હંમેશાના સંબંધો તોડવા કોઈ સારી વાત નથી, પરંતુ આ કોઈ બે બળદોની એવી જોડી નથી કે જેમની જિંદગીના રસ્તાઓ કેટલાય વિરોધી હોય, જુદા હોય, છતાંય એકબીજાથી બંધાયેલા રહે, ખેંચાતા રહે, અને બંનેની જિંદગી મૃત્યુથી પણ ખરાબ બની જાય, સંજોગોનો કોઈ વળાંક એવો હોય છે કે સંબંધ તોડવો સારો લાગતો હોય, એટલે તલાકની છૂટ છે, પરંતુ શરીઅત એ પણ ઈચ્છે છે કે આ તલાક બે વ્યકિત, બે પરિવાર, બે કુટુંબો વચ્ચે દુ:ખનું કારણ ન બને, એટલા માટે સ્ત્રીના આત્મ સંતોષ માટે તે પુરુષથી કંઈને કઈ સ્ત્રીને આપવામાં માગે છે, માટે ભેટના નામથી કોઈ વસ્તુ આપવી મુસ્તહબ અને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે.

તલાક એક કડવો ઘૂંટડો જરૂર છે, પરંતુ કયારેક મોટા નુકશાનથી બચવા માટે નાના નુકશાનને સહન કરવું પડે છે, જેમ સ્વાસ્થ્ય, તંદુરસ્તી માટે કડવો ઘૂંટડો પણ ગળાથી ઉતારવો પડે છે .

گر شفا خواهی دوائے تلخ بنوش

તંદુરસ્તી માટે કડવી દવા પણ જરૂરી થઈ જાય છે.

### *તલાકની સાચી અને સૌથી શ્રેષ્ઠ પ્રધ્ધતિ :*

તલાક એક એક એવુ પગલું છે, જે એકદમ મજબૂરીમાં અને ખુબ સમજી વિચારીને ઉઠાવવું જોઈએ, આવેશમાં અને ગુસ્સામાં આવીને

ઉતાવળથી લેવું જોઈએ નહિ, પરંતુ સંજોગો એ વણાંક ઉપર આવી જાય કે તલાકના સિવાય કોઈ આશરો ન રહે અને પુરી સભાનતાથી તેનો નિર્ણય કરે, તો ખ્યાલ રાખે કે જયારે તલાક આપવી હોય ત્યારે..

પત્ની પાકીની હાલતમાં હોય,એટલે કે તેને માસિક ન આવતું હોય,

અને એ પાકીના ગાળામાં બંનેનો શારિરીક સંબંધ ન થયો હોય,

અને ચોખ્ખા અને સ્પષ્ટ શબ્દોમાં,

ઓછામાં ઓછા બે ગવાહોની હાજરીમાં,

એક તલાક આપવામાં આવે.

જેથી શંકા–કુશંકાને અવકાશ ન રહે. આ એક 'તલાકે રજઈ' છે. એનો હુકમ આ છે કે તલાક ચોકકસ થઈ ગઈ, પરંતુ સ્ત્રીની ઈદ્દત પુરી થવા પહેલાં પહેલાં પુરુષને સ્ત્રીની મંજૂરી વગર તેને પાછી લેવાનો અધિકાર છે, પરંતુ જયારે ઈદ્દત પુરી થઈ જાય તો પુરુષનો અધિકાર પૂર્ણ થઈ જાય છે, હવે જો પુરુષ અને સ્ત્રી ઈચ્છે તો ફરીથી નિકાહ કરીને પતિ–પત્ની બની શકે છે.

ઈદ્દતનો અર્થ પણ સમજી લો, તલાક પછી એક નિશ્ચિત મુદ્દત સુધી સ્ત્રી કોઈ પુરુષ સાથે નિકાહ નથી કરી શકતી, આ સમયગાળો પસાર કરવાને ઈદ્દત કહેવામાં આવે છે.

ઈદ્દત કેટલાય પ્રકારની હોય છે, જો સ્ત્રીને માસિક આવતું હોય, અને સ્ત્રી અને પુરુષ એકાંતમાં મળી ચુકયા હોય, તો તલાક પછી સ્ત્રીની ઈદ્દત ત્રણ માસિક આવવાની છે, જયારે ત્રણ માસિક પુરા થઈ ગયા તો, ઈદ્દત પણ પુરી થઈ ગઈ.

અને જો કોઈ કારણોસર માસિક ન આવ્યું, કોઈ બિમારીને કારણે, ઘડપણને લીધે, તો તેની ઈદ્દત ત્રણ મહિના છે. અને સ્ત્રી સગર્ભા છે તો તેની ઈદ્દત બાળક પેદા થવા સુધી છે, જયારે બાળક પેદા થઈ ગયું તો

ઈદ્દત પૂરી થઈ ગઈ.

તલાક આપવાની આ રીત સૌથી શ્રેષ્ઠ છે કેમકે આમાં ઈદ્દતના સમયગાળા માં વિચારવા અને સમજવાની તક મળે છે, ઈદ્દતનો સમય ગાળો પણ પવિત્ર અને ચોખ્ખો રહે છે,ઈદ્દત પૂરી થવાથી આ 'તલાકે રજઈ'પોતે 'બાઈના' થઈ જશે, એટલે કે પુરુષ પાસે પોતોની રીતે સ્ત્રીને પાછી મેળવવનો અધિકાર રહેશે નહિં.

### *તલાકની બીજી રીત :*

તલાકની બીજી રીત જે પહેલી રીત કરતાં ઓછી સારી છે, તે આ છે કે, સ્ત્રીને માસિક પૂરૂં કર્યા પછી તુરત પાકીની સ્થિતિમાં તલાક આપે, ફરી વાર પછી બીજું માસિક પુરૂં થતા જ પાકીના દિવસોમાં બીજી એક તલાક આપે, આ જ પ્રમાણે ત્રીજી તલાક આપે, તલાક આપવાની આ રીત સારી તો નથી, છતાં આ રીતે તલાક આપી શકાય છે.

### *તલાકની એ રીત જેને શરીઅત પસંદ નથી કરતી :*

તલાકની એ રીત જેમાં તલાક તો થઈ જાય છે, પરંતુ શરીઅત તેને નાપસંદ કરે છે, તે એ છે કે,

માસિકના સમયગાળામાં તલાક આપવામાં આવે.

અથવા તો પાકીના દિવસોમાં સંભોગ કર્યા પછી તલાક આપે.

અથવા તો ત્રણ તલાક આપે,

આ ત્રીજી સુરતમાં તલાક સંપૂર્ણ થઈ જાય છે, અને બંને હંમેશા માટે એકબીજા તરફ પાછા ફરવાથી વંચિત થઈ જાય છે.પોતાના અધિકારનો આ ગેરઉપયોગ છે. તલાક જો કે સંપૂર્ણ થઈ ગઈ, પરંતુ શરીઅત તેને ના પસંદ કરે છે.

### *ખુલા :*

માલ કે સામાન રૂપે બદલો આપીને સ્ત્રી પતિથી નિકાહના

સંબંધને પૂર્ણ કરે, તેને ખુલા કે છુટકારો કહેવામાં આવે છે. સ્ત્રી જો તલાકની માંગણી કરે અને પુરુષ તલાક આપવા રાજી થઈ જાય, તો શરીઅત તેને માન્ય રાખે છે, અદાલત સામે રજૂ કરવાની જરૂર નથી.

પરંતુ જો સ્ત્રીની માંગણી ઉપર પતિ તલાક આપવા રાજી ન હોય, અને સ્ત્રી(પત્ની)આ મામલો ઈસ્લામી અદાલતમાં લઈ જાય અને અદાલત એ જુએ કે આ બંને વચ્ચે એકતા શકય નથી, અને જુદા નહિ થાય તો અલ્લાહના આદેશો તુટવાનો ખતરો છે, ભય છે, તો તે પતિને ખુલા કરવાની ફરજ પાડી શકે છે, અથવા ઈસ્લામી અદાલત કાયદાકીય કાર્યવાહીની પ્રકિયા પછી નિકાહને તોડી શકે છે, ખુલા એક તલાકનું સ્થાન ધરાવે છે, અને જો બંને પાત્ર ઈચ્છે તો ફરીથી પોતાની ઈચ્છાથી નિકાહ કરી શકે છે.

## *સ્ત્રીને તલાકનો અધિકાર કેમ નહિ ?*

જેવી રીતે પુરુષને પત્યક્ષ કે પરોક્ષ રીતે તલાક આપવાનો અને નિકાહ ખતમ કરવાનો અધિકાર છે, તે રીતે આ અધિકાર સ્ત્રીને કેમ નહિ? ઈસ્લામી શરીઅત જે શુધ્ધ ન્યાય ઉપર આધારિત છે, તેમાં સ્ત્રી અને પુરુષના અધિકારોમાં આ ભેદભાવ કેમ છે ?

દુન્યાની તમામ સંસ્થાઓ કે સંગઠનમાં એ પ્રધ્ધતિ છે કે તેનો એક જવાબદાર હોય છે, અને બાકીના લોકો આ સંસ્થાના કાર્યકરો કે સહાયકો હોય છે. જેને સંસ્થાનો જવાબદાર બનાવવામાં આવે છે, તેની જવાબદારીએ કેટલીક વધુ હોય છે, અને તે જવાબદારીઓના લીધે તેને કેટલાક અધિકારો પણ આપવામાં આવે છે, અને આ વાતને કોઈ પણ સમાનતા અને ન્યાય વિરૂધ્ધ સમજતું નથી.

બસ આ રીતે નિકાહ પણ એક સંસ્થા સંગઠન–જોડાણ છે. અને પુરુષ આ સંસ્થાનો જવાબદાર છે, પુરુષની જવાબદારી પણ વધારે છે

અને થોડાક અધિકારો પણ વધારે છે.

અલ્લાહ તઆલાની આ વ્યવસ્થા બધી રીતે સારી અને ન્યાયી છે, અને બંનેના સ્વભાવ પ્રમાણે છે. મનુષ્ય સિવાય બીજા પ્રાણીઓમાં પણ નર– માદામાં ગરમ–નરમનો ભેદ જોવા મળે છે, અને નર પોતાની ખાસ વિશેષતાઓના લીધે ઉપરીપણું રાખે છે, બસ આ બાબત મનુષ્યમાં પણ છે, મનુષ્યોમાં અધિકારી પણ છે, તેમના હાથ નીચે કામકરાનાર પણ છે તેમના કેહવા પર ચાલનાર પણ છે, કોઈ નથી કહેતું કે આ ન્યાય વિરૂધ્ધ છે, બધા જ આને આવશ્યક સમજે છે. તેના વિના કોઈ વ્યવસ્થા અને વહિવટ નથી ચાલી શકતો.

આ જ પ્રમાણે એક ઘર કે કુંટુંબને ચલાવવા માટે જે વ્યવસ્થા આપણા સર્વને બનાવવા વાળાએ બનાવી છે તે એકદમ સાચી અને યોગ્ય વ્યવસ્થા છે, અને સ્વભાવ મુજબ છે, જે દેશોમાં અને જે કૌમે આના વિરૂધ્ધ રીત–ભાત અપનાવી અને સ્ત્રીને પણ પુરુષની જેમ પ્રત્યક્ષ તલાક આપવાનો અધિકાર આપ્યો ત્યાં થતી વધુ પડતી તલાકો બતાવે છે કે આ રીત સફળ નથી .

ઈસ્લામી શરીઅતે નિકાહ અને તલાક બંનેને સરળ બનાવ્યા છે બિન જરૂરી પ્રતિબંધો નથી લગાવ્યા, જોકે નિકાહને ઉત્તેજન આપ્યું છે, તેના ફાયદાઓ બતાવ્યા છે, કેમકે નિકાહથી ઘર બને  છે, અને તલાકને નાપસંદ ગણી છે, કારણ કે તેનાથી ઘર તૂટે છે, પરંતુ તલાક પર એવા પ્રતિબંધ નથી લગાવ્યા કે એના લીધે અલ્લાહની જણાવેલ મર્યાદાઓ ઓળંગી જવાય, અલ્લાહની મર્યાદા ઓળંગવાથી નિકાહનું તૂટી જવું સારૂં છે, એ અલ્લાહની મર્યાદા જ નથી કે તેની મોટાઈ અને ઈજ્જત ન જળવાય, મૈત્રીભાવ અને પોતાપણું બાકી ન રહે અને નિકાહ પોતાના હેતુના સંદર્ભે અસફળ અને નિર્જીવ બની જાય, તો એ એવું છે કે, જો

કોઈના શરીરનો કોઈ ભાગ ખરાબ થઈ જાય તો સમગ્ર શરીરને બચાવવા માટે તે ભાગની શસ્ત્રક્રિયા(ઓપરેશન)કરવી ન તો નિર્દયતા છે કે ન તો અન્યાય.

***તલાકના ત્રણ પ્રકાર :***

***(૧)તલાકે રજઈ :***

તલાક આપ્યા પછી સ્ત્રીને નિકાહ વગર પરત લઈ શકાય તેવી તલાક.

***(૨)તલાકે બાઈન :***

બંનેની મરજીથી ફરી નિકાહ થઈ શકે તેવી તલાક.

***(3)તલાકે મુગલ્લજા :***

(સંપૂર્ણ તલાક) જેમાં સામાન્ય રીતે ફરીથી નિકાહ પણ ન થઈ શકે

તલાકે રજઈનો અર્થ એ છે કે જે તલાકમાં પતિએ પોતે આપેલી તલાકની અસરને ઈદ્દતની અંદર જ નષ્ટ કરવાનો પત્નીને પાછી લેવાનો, પરત મેળવવાનો અધિકાર હોય, જો કોઈ વ્યકિતએ પોતાની પત્નીને ચોખ્ખા શબ્દોમાં એક કે બે તલાક આપે તો તેને અધિકાર છે કે ઈદ્દત પૂરી થતાં પહેલા તે પોતે આપેલી તલાકની માફી ક્ષમા કરી લે, આ રીતે બંને ફરીથી પતિ પત્ની બનીને રહી શકે છે, અને જો તલાકથી ક્ષમા (રૂજૂઅ) ન કરી તો ઈદ્દત પૂરા થવા પછી આ તલાક જાતે જ તલાકે બાઈન થઈ જશે.

તલાકે બાઈન,એ તલાક છે કે જેમાં પતિને પોતાની તલાક પાછી લેવાનો અધિકાર નથી હોતો, જો કોઈ વ્યકિતએ પોતાની પત્નીને એવી રીતે તલાક આપી કે મેં તને 'તલાકે બાઈન' આપી દીધી, તો નિકાહનો સંબંધ તુટી ગયો, જો કે બંને ઈચ્છે તો પોતાની ઈચ્છાથી ઈદ્દતમાં કે ઈદ્દતના પૂર્ણ થયા પછી ફરી કયારેક સારી પરિસ્થિતિમાં બીજીવાર નિકાહ કરી શકે છે.

તલાકે મુગલ્લજા, ત્રીજી પ્રકારની તલાક, તલાકે મુગલ્લજા છે, પુરુષને એક સ્ત્રીથી નિકાહ કર્યા પછી એકથી ત્રણ તલાક સુધીનો અધિકાર છે, પરંતુ જો કોઈ પોતાની પત્નીને એકી સાથે ત્રણ તલાક આપી દે તો હવે એ તલાક તલાકે મુગલ્લજા બની ગઈ, નિકાહનો સંબંધ તૂટી ગયો, હવે જો બંને પોતાની મરજીથી એક થવા માંગે તો નથી થઈ શકતા, ન પુરુષ પોતાની તલાક પાછી લઈ શકે છે, ન બંને પોતાની મરજીથી ફરીથી નિકાહ કરી શકે છે.

### ત્રણ તલાક ક્યારેય ન આપો :

એ વાત ખુબ જાણીતી બની ગઈ છે અને ભણેલા ગણેલા લોકો પણ ગેર સમજમાં એમ જાણે છે કે, ત્રણથી ઓછી તલાક જ નથી હોતી, અને આ ખોટી માન્યતાને લીધે મોટી ઉપાધીઓ જન્મે છે, એટલે કોઈ પણ પરિસ્થિતિમાં ત્રણ તલાક ન આપવી જોઈએ. એક તલાક કાં તો 'રજઈ' અથવા 'બાઈન' આપે, રજઈ તલાકમાં ઈદ્દતના સમયમાં તલાકની માફીની શકયતા રહેશે અને બાઈન તલાકમાં ફરીવાર નિકાહ કરવાનો દરવાજો ખુલ્લો રહેશે, પરંતુ ત્રણ તલાક પછી ન તો માફી થઈ શકે છે, અને ન તો નિકાહ કરવાની શકયતા રહે છે, એટલા માટે ત્રણ તલાક આપવી અજ્ઞાનતા અને જડતા છે, અને તકલીફોને જન્મ આપવા સમાન છે. નિકાહનો સંબંધ તોડવાનો મકસદ તો એક તલાકથી પણ પૂરો થઈ જાય છે, શકય છે કોઈ એવો વણાંક આવી જાય કે ફરીથી એક થવાની જરૂરત હોય, તો રજઈ અને બાઈન તલાકમાં શકયતા રહે છે, ઘણી વખત એવી ઘટનાઓ સામે આવે છે કે, તલાક પછી પસ્તાવો થાય છે, આવા સમયે ઘણી સરળતાથી શરીઅત પ્રમાણે એક બનવાનો રસ્તો મળી આવે છે, તેથી આ વાતને ખૂબ સારી રીતે સમજી લેવી જોઈએ, કે કોઈ પણ પરિસ્થિતિમાં ત્રણ તલાક આપવામાં ન આવે.

તલાકના મોટા ભાગના બનાવો ગુસ્સા અને આવેશના કારણે થાય છે, એક તો મુસલમાનનું ચરિત્ર એવું હોવે જોઈએ કે, તે દરેક પરિસ્થિતિમાં અલ્લાહથી ડરતો રહે, ગુસ્સા અને આવેશમાં કોઈ પગલું ન ભરવું જોઈએ, ઈસ્લામે જો કે મનુષ્યના મહત્વ અને તેના સ્થાન પ્રમાણે એ વાતનું ધ્યાન રાખ્યું છે કે, એક બુધ્ધિમાન, પુખ્ત, સમજદાર, હોશ રાખવાવાળા માણસની જબાનથી જે શબ્દો નીકળશે તે નકામા નહિ જાય, તેની અસર દેખાશે, આ જ જીભથી આપણે નિકાહ કરીએ છીએ, નિકાહનો સંબંધ બંધાય છે, આ જ જીભથી બે દેશો વચ્ચે અને બે મનુષ્યો વચ્ચે જુદા–જુદ પ્રકારના કરારો થાય છે, અને જીભની ઈજ્જત કરવામાં આવે છે, તે જ જબાનથી જયારે તલાકના શબ્દો નીકળશે તો તેની પણ અસર થશે, એટલા માટે પોતાની જબાનને કાબુમાં રાખવી માણસની ફરજ છે, નિકાહનો સંબંધ ઘણો જ પ્રિય સંબંધ છે, મીઠો સંબંધ છે, તેને બાળકોની રમત સમજવામાં ન આવે, શરીઅતથી રમત રમવામાં ન આવે, તલાક એક છેલ્લું પગલું છે, તલાકને ઉપાધી, અડચણ બનાવવામાં ન આવે,બલકે તેને ઉપાધી, અડચણનો અણગમતો ઉપાય સમજીને ઉપયોગ કરવામાં આવે.

એ ભુલવું ન જોઈએ કે દુન્યાની અદાલતથી ઉપર એક બીજી મોટી અદાલત પણ છે, અને આપણે દરેક બોલ અને કાર્યના માટે પોતાના રબ, પૈદા કરનારની સામે જવાબ આપવાનો છે, વાંક–ગુનો કોનો છે? પુરુષે ત્રાસ ગુઝાર્યો છે કે સ્ત્રીનું વર્તન ખરાબ છે? કયામતના દિવસે તેનો નિર્ણય થશે, પરંતુ યાદ રાખવુ જોઈએ કે, અકારણ, વાંક વિનાની તલાક એટલો મોટો અપરાધ છે કે આ કાર્યથી અલ્લાહનો અર્શ પણ ધ્રુજી ઉઠે છે.

*(મુફતી ) ફુઝૈલુર્રહમાન હિલાલ ઉસ્માની*

*માલેર કોટલા, પંજાબ,ભારત.*